ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટીના ત્રણ કોર્સીસને ફી રેગ્યુલેટરી કમિટિ અને એડમીશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સીસના ક્ષેત્રાધિકારમાંથી મુક્તિ આપવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક:ફસય/૧૦૨૦૧૭/૧૦૩૫/અ,
સચિવાલય,ગાંધીનગર,
તા: ૦૪/૧૦/૨૦૧૭

વંચાણે લીધો (૧) ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટી, ગાંધીનગરનો તા..૨૬/૦૪/૧૭નો પત્ર No: GFSU/ACS-HOME-FEE & Adm/1372117

(૨) શિક્ષણ વિભાગનું તા.૨૧/૦૬/૨૦૧૩નું નોટીફીકેશન નં GH/SH/34/2013/PVS/102013/282/S

(3) ગૃહ વિભાગનો તા.3૦/૦૯/૨૦૦૮નો ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટી એક્ટ ૨૦૦૮

ઠરાવ:-

શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૭માં "The Gujarat Professional Technical Educational Colleges or Institutions (Regulation of Admission and Fixation of Fees) Act, 2007 ઘડવામાં આવેલ છે અને આ એક્ટથી પ્રોફેશનલ કોર્સીસની ફી નિયંત્રિત કરવા અંગેની જોગવાઈઓ કરવામાં આવેલ છે. અને તે એક્ટ હેઠળ તારીખ-૨૧/૬/૨૦૧૩ના જાહેરનામાથી "Master of Business Administration (MBA) Course (Regulation of Admission and Fixation of Fees) Rules, 2013 તેમજ Diploma in Engineering course to Bachelor Of Engineering and Technology Courses Institutions (Regulation of Admission and Fixation of Fees) Rules, 2013 પ્રસિદ્ધ કરેલ છે અને તે અંતર્ગત આવા કોર્ષ અંગેની ફી નક્કી કરવા "ફી રેગ્યુલેશન કમિટી" અને "એડમીશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સીસ" ની રચના કરેલ છે. "The Gujarat Professional Technical Educational Colleges or Institutions (Regulation of Admission and Fixation of Fees) Act, 2007ની કલમ-2(K)માં "Professional courses" ની વ્યાખ્યા આપી છે જેમાં Master of Business Administration કોર્ષનો સમાવેશ થાય છે. જ્યારે શિક્ષણ વિભાગના તારીખ-૧૮-૧૧-૨૦૦૮ના

જાહેરનામાથી કેટલાક પ્રોફેશનલ કોર્ષ નિયત કરેલ છે જેમાં એમ.ટેક. કોર્ષનો સમાવેશ કરેલ છે જેને આધારે "ફી કમિટી દ્વારા ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી હેઠળ નીચે દર્શાવેલ ત્રણ પ્રોફેશનલ કોર્ષ માટેની ફી નિયત કરવા અને એડમીશન અંગેની દરખાસ્ત કમિટી સમક્ષ રજુ કરવા યુનિવર્સિટીને જણાવતા ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સીટી હેઠળના આ કોર્ષ The Gujarat Professional Technical Educational Colleges or Institutions (Regulation of Admission and Fixation of Fees) Act, 2007 અંતર્ગત ઘડવામાં આવેલ નિયમો મુજબની "ફી" અને 'એડમીશન કમિટી" ના કાર્યક્ષેત્રમાં આવે છે કેમ ? તે બાબતે નિર્ણય કરવાનો થાય છે. આ બાબતે ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી દ્વારા "Master of Business Administration (MBA) Course (Regulations of Admission and Fixation of Fees) Rules, 2013 તેમજ Diploma in Engineering course to Bachelor of Engineering and Technology Courses Institutions (Regulation of Admission and Fixation of Fees) Rules, 2013ના નિયમ અનુક્રમે નિયમ ૧૩ અને નિયમ-૧૫ મુજબ જે વિધાર્થીઓ સરકાર દ્વારા મદદ મેળવતી સંસ્થામાં એડમીશન મેળવે તો તેની ફી સરકારે નક્કી કરવાની થાય અને આવી સંસ્થાના પ્રોફેશનલ કોર્સીસની ફી નક્કી કરવાની બાબત "ફી રેગ્યુલેશન કમિટી" અને "એડમીશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સીસ"ના કાર્યક્ષેત્રમાં આવતી નથી તેમ જણાવી ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી ને સરકાર દ્વારા ફંડ પુરૂ પાડવામાં આવતું હોઈ તેમના ઉક્ત કોર્સીસની ફી નિયત કરવાની બાબત "ફી" અને "એડમીશન કમિટી"ના કાર્યક્ષેત્રમાં આવતી ન હોવાથી મુક્તિ આપવા ગુજરાત ફોરેન્સીસ સાયન્સીસ યુનિવર્સિટી ગાંધીનગર દ્વારા નીચે જણાવેલ પ્રોફેશનલ કોર્સીસ માટે ફી નક્કી કરવાની બાબત ફી રેગ્યુલેટરી કમિટી અને એડમીશન કમિટીના ક્ષેત્રાધિકારમાંથી મુક્તિ આપવા બાબતે સંદર્ભ (૧)માં દર્શાવેલ ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટીના તા.૨૬/૪/૨૦૧૭ના પત્રથી સરકારશ્રીમાં દરખાસ્ત કરવામાં આવેલ છે.

(૧) M.Tech cyber security & Incident-Response

(૨) MBA-Finance with specialization in Forensic Accounting.

(3) M.Tech Civil Engineering (Forensic Science)

૨. ઉક્ત દરખાસ્ત ઉપર પુખ્ત વિચારણાને અંતે ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી એક્ટ-૨૦૦૮ની કલમ ૭(૧૮)ની જોગવાઈ અન્વયે ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટીને ફી નક્કી કરવા માટે મળેલ સત્તાની રૂએ તેમજ યુનિવર્સિટીને રાજ્ય સરકાર દ્વારા નાણાંકીય સહાય આપવામાં આવી રહેલ હોઈ અને આ યુનિવર્સિટી હજુ Aided University હોઈ શિક્ષણ વિભાગના તા. ૨૧/૦૬/૨૦૧૩ના જાહેરનામાંથી પ્રસિધ્ધ થયેલ 'Master of Business Administration (MBA) course (Regulation of Admission for fixation of Fees) Rules, 2013 તેમજ Diploma in Engineering course to Bachelor of Engineering of Technology Courses Institution (Regulation of Admission of Fixation of Fees) Rules

2013 ના અનુક્રમે નિયમ ૧૩ અને નિયમ-૧૫ અન્વયે ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટીના નીચે જણાવેલ ત્રણ કોર્ષને 'ફી રેગ્યુલેટરી કમિટી' અને 'એડમીશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સીસ'ના ફી નિર્ધારણના ક્ષેત્રાધિકારમાંથી મુક્તિ આપવામાં આવે છે.

(૧) M.Tech Cyber Security & Incident-Response

(૨) MBA-Finance with specialization in Forensic Accounting.

(3) M.Tech Civil Engineering (Forensic Science)

3. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની તા૨૯/૦૯/૨૦૧૭ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.આર.ભમ્મર)
નાયબ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- મા.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- મા.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી સ્વર્ણિમ સંકુલ-૧ ગાંધીનગર.
- મા.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨ ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી (ઉચ્ચ ટેક્નીકલ શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ગૃહ) ગૃહ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મહાનિયામકશ્રી ગુજરાત ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી, ગાંધીનગર
- મેમ્બર સેક્રટરી, ધ એડમીશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્ષીસ, એલ.ડી. કોલેજ ઓફ એન્જીનીયરીંગ કેમ્પસ, નવરંગપુરા અમદાવાદ.
- મેમ્બર સેક્રટરી, ફી રેગ્યુલેટરી કમિટી(ટેક્નીકલ) બીજો માળ, રૂમ નં ૧૨૬, એ.સી.પી.સી. બિલ્ડીંગ, એલ.ડી. કોલેજ ઓફ એન્જીનીયરીંગ કેમ્પસ, નવરંગપુરા અમદાવાદ.
- નાણાં સલાહકારશ્રી (ગૃહ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,ગાંધીનગર/અમદાવાદ
- મુકામી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- નાયબ સેકશન અધિકારી, સિલેકટ ફાઇલ.
- શાખા સિલેકટ ફાઇલ.